# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ગુસ્સે થયા જો લોક તો પથ્થર સુધી ગયા,
પણ દોસ્તોના હાથ તો ખંજર સુધી ગયા !

તું આવશે નહીં જ હતી ખાતરી છતાં,
નિશદિન હરીફરી અમે ઉંબર સુધી ગયા.

એવા હતા મનસ્વી કે આ પ્રેમમાં તો શું,
વેવારમાંય ના અમે વળતર સુધી ગયા.

- 'ઘાયલ'

## પાથેય

- રમેશ ઠક્કર

# ઝંખનાનો ઝરૂખો...

આપણને બહારના લોકો નડે એ કરતાં નજીકના લોકો વધારે નડતા હોય છે. આ એક વાસ્તવ છે..એવું કહેવામાં આવે છે કે જગતમાં સૌથી વધારે ઝેર સહોદર વચ્ચે જોવા મળતું હોય છે.એક જ માતાની કૂખે જન્મેલા વચ્ચેનાં વેરઝેર કાતિલ હોય છે..એનું સમાધાન એટલું સહજ હોતું નથી..એ જ રીતે જે આપણી નજીક હોય એવા મિત્રો ઘણીવાર તો છૂપાવેશમાં રહેલા શત્રુઓ જેવા હોય છે..બહારના કે દૂરના લોકો જયારે પ્રહાર કરે ત્યારે એમાં એક ડર કે સંયમ હોય છે..નજીકના લોકો નિર્મમ બની પ્રહાર કરતા હોય છે..એટલે જ કવિ કહે છે કે ગુસ્સે થતા લોકો બહુ બહુ તો પથ્થરો મારે પણ પોતાના લોકો તો ખંજર લઇ ખાબકતા હોય છે ! માનવમનની આ વિડંબના પણ સમજવા જેવી છે..આવું કેમ થતું હશે ? લાગણીઓ જયારે આસકિત બની જાય..નજદીકી જયારે માલિકીહક્ક બની જાય ત્યારે અપેક્ષાઓ આપોઆપ વધી જતી હોય છે..નજીકથી જોવાતી કોઇપણ ચીજ મોટી જ લાગે..એમ નજીકના માણસની જરા સરખી ભૂલ પણ આપણને પહાડ જેવી લાગતી હોય છે..અને એટલે જ આપણે જાણેઅજાણે પોતાની કહેવાય એવી વ્યકિતને અન્યાય કરી બેસતા હોઇએ છીએ...

ઝંખના એ જ આમ જોઇએ તો માણસની મજબૂરી હોય છે.કોઇપણ ચીજ કે વસ્તુને આપણે જેટલી તીવ્રતાથી ચાહીએ એટલી જ એ વધારે દુર્લભ થતી જાય છે..માણસ ઇચ્છે છે કંઇક અલગ અને નિયતિ એને આપે છે કંઇક જુદું જ..કોઇકની પ્રતિક્ષા આપણને સતત ઘરના ઉંબર સુધી લઇ જાય છે..અને એ જયારે અધૂરી જ રહે છે ત્યારે ફરીથી એ માટેની તાલાવેલી આપણને બેચેન કરી મૂકે છે..જે પ્રાપ્ત થાય છે એનો ખુશી કરતાં જે નથી મળ્યું એનો વસવસો ઘણીવાર કરપીણ હોય છે..ઝંખના એ મોટાભાગે એક ધખના હોય છે ! અને એટલે જ ગતાનુગતિક રીતે એક જ ચીજ માટે દોડી જતાં આપણાં નયન હંમેશાં તરસના શિકાર જેવાં બની રહે છે..

આપણે કોઇપણ કામ કરીએ એની પાછળ આપણી અપેક્ષા રહેલી હોય છે..જગતમાં નિર્વ્યાજ જેવું આમ તો કશું જ હોતું નથી..એ બધી વાતો એક આદર્શ જેવી હોય છે..આપણે જે મેળવી નથી શકતા એવી અતૃપ્તિઓને પછી કલ્પનાઓ થકી આપણે બહેલાવતા રહીએ છીએ..એ કોઇ ફેન્ટસી, ફિલ્મ કે નવલકથામાં હોય ત્યાં સુધી તો જાણે ઠીક છે..આપણે જો હકિકતમાં કોઇકનો સ્વાર્થ રહિત સ્નેહ ઝંખતા રહીએ તો એ એક છલનાથી વિશેષ કશું નથી ! દરેક ચીજનું એક મૂલ્ય હોય છે..કોઇપણ ઉપકાર સામે આપણે એનો પ્રતિભાવ કે વળતર આપતા રહેવું પડે છે.આપણે જેને પ્રેમ માનીએ છીએ એમાં પણ કશુંક પામવાની ઇચ્છા રહેલી હોય છે..આપણો વ્યવહાર જયારે વળતર આધારિત હોય ત્યારે એવા નિષ્ઠુર જગતમાં આપણે ફક્ત લાગણીઓ કે આદર્શોના સહારે જીવવાનું છોડી વાસ્તવ સાથે ડગ માંડવાનું શીખી લેવું જોઈએ..આદર્શ અને હકિકત એ બંને વચ્ચેનું સંતુલન એ જ સાચા અભિગમના છડીદાર જેવું બની રહે છે.

# 'રેવડી કલ્ચર' દરેક રાજકીય પાર્ટીમાં છે

**તંત્રીસ્થાનેથી...**

ચૂંટણી આવે તે પહેલાં વચનોનો ધોધમાર વરસાદ શરૂ થઈ જતો હોય છે. પ્રજા આવાં વચનોને દર વખતે ગંભીરતાથી લે છે એવું માનવું વધુ પડતુ લેખાશે. પરિપક્વ લોકશાહીનો મતદાતા એટલું તો સમજે છે કે આ લલચામણી ઑફરો એના સૌથી મૂલ્યવાન અધિકારને વામણો બનાવવા માટે કરાય છે. રાજકીય પાર્ટીઓ માટે સત્તાએ અંતિમ લક્ષ્ય હોય છે જે હાંસલ કરવા એ આવા હથકંડા અજમાવતી રહે છે. ભોળા મતદારો ભોળવાઈ જાય છે જેનો લાભ પેલા રાજકારણીઓને થાય છે. વચનો આપવામાં કંજૂસાઈ શું કામ કરવી ? એકવાર ઢગલાબંધ વચનો આપી કોથળા ભરીને વોટ મેળવી લઈએ. સત્તા પર આવ્યા પછી તમે કોણ ને અમે કોણ ! અરે, ભાઈ, 'વો તો એક ચુનાવા જુમલા થા' કહીને આખી વાત હસી નાખતાં વાર કેટલી ? રાજકીય પાર્ટીઓની આવી માનસિકતા હવે જગજાહેર છે. એટલે ખાતામાં પંદર લાખ નાખવાની ઑફર હોય કે કેજરીવાલજી મહિલા મતદારોને વાપરવાજોગ રકમ વીરપસલી તરીકે આપવાની વાત કરતા હોય એની ઝાઝી અસર ઘડાયેલા મતદાતા પર ભાગ્યે જ થાય. હા, જીવનની પાયાની જરૂરિયાતો જેવી કે પાણી, આરોગ્ય, બાળકોનું શિક્ષણ વગેરે મુદ્દા મતદાતાઓને જરૂર આકર્ષી શકે. આવી ઑફરો બધી જ રાજકીય પાર્ટીઓ કરતી રહી છે અને કરતી રહેવાની છે. વડાપ્રધાને બુંદેલખંડ એક્સપ્રેસ વે ના ઉદ્ઘાટન વખતે વિશેષપણે આમ આદમી પાર્ટીની આવી ઓફરોને 'રેવડી સંસ્કૃતિ' તરીકે ઓળખાવી હતી. જો કે આ રેવડી કલ્ચર એટલું વ્યાપક છે કે એની સુપ્રીમ કોર્ટના આદેશ પછી પણ અટકાવી શકાશે કે કેમ એ પ્રશ્ન છે. સુપ્રીમ કોર્ટ આવી 'ફ્રી લીઝ' થી નારાજ છે પણ પ્રજાને તો એ ગમે છે. કલ્યાણ યોજનાઓ એ કલ્યાણ રાજયનો પાયો છે. પ્રજાના નબળા વર્ગોને કેટલીક સુવિધાઓ રાજયના ખર્ચે ઉપલબ્ધ કરાવીને જીવનધોરણ ઊંચું લાવવાનો વિચાર સર્વમાન્ય ગણાયો છે. એમાં પાયાની જરૂરિયાતો - 'રોટી, કપડા ઔર મકાન' ઉપરાંત શિક્ષણ, આરોગ્ય અને આજીવિકા માટે નોકરી ધંધાની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. મધ્યાહન ભોજન યોજનાનાં મૂળ આંધ્રપ્રદેશના સંવેદનશીલ પૂર્વ મુખ્યમંત્રી એન.ટી. રામારાવ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના સમયગાળામાં નંખાયાં ત્યારે એ સંપન્ન વર્ગોને અને પ્રતિસ્પર્ધી રાજકીય પાર્ટીઓને 'રેવડી કલ્ચર' જ લાગેલી. આગળ જતાં એ અત્ર-તત્ર-સર્વત્ર ચાલુ થઈ ગઈ. વીજળી આવી જ એક જરૂરિયાત છે, જે મોંઘી પડે છે. આરોગ્ય વ્યવસ્થા અન્વયે મા કાર્ડ કે આયુષ્યમાન કાર્ડ આશીર્વાદરૂપ સાબિત થયેલ છે. બેન્કોને ચૂનો લગાડનારા ધનકુબેરોની અબજો રૂપિયાની લોનો મોફ કરી શકાતી હોય તો ગરીબ ખેડૂતને આપઘાત કરતો અટકાવવા કૃષિલોન માફ કરવી પડે કે એને મફત વીજળી મળે એવી વ્યવસ્થા કરાય એને રેવડી વહેંચવી કહીશું ? સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રમણે નિવૃત્ત થતાં પૂર્વે આવી 'ફ્રી બીઝ' પર અંકુશ લગાવવો જરૂરી હોવાનો અભિપ્રાય આપ્યો હતો. રાજયોના શાસક પક્ષો આવા મફત લાભો આપીને રાજયની તિજોરી જ ખાલી કરતાં હોય છે. એથી અર્થકારણ ખાડે જવાની શક્યતા રહે છે. અત્યારે તો પૂરબહાર રેવડી વહેંચાઈ રહી છે - કોર્ટના ચુકાદાને કોર્ટમાં જ પડકારીને ચૂંટણીઓ જીતવાના કારસા ચાલુ જ રહેશે !


# 'લાલસિંહ ચઢ્ઢા' - ફોરેસ્ટ ગમ્પનું ભારતીયકરણ



મન-રંજન
દ્વનિલ પારેખ

લાંબા સમય બાદ સિનેમાગૃહમાં ફિલ્મ જોવા જઈએ ને તમને અણધારી નિરાશા સાંપડે તો તમે શું કરો ? ફિલ્મ પછી ભારતના હિન્દી સિનેમાના એક સારા અભિનેતાની હોય તો તમે શું કરો ? વળી, ફિલ્મ બોલીવૂડના અત્યંત જાણીતા, વખણાયેલી અને ઓસ્કાર એવોર્ડ વિજેતા ફિલ્મ પરથી પ્રેરિત હોય તો તમે શું કરો ? હાં, હું વાત આમીર ખાન અભિનિત 'લાલસિંહ ચઢ્ઢા' ની વાત કરી રહ્યો છું. ટોમ હેન્કસના અદ્ભૂત અભિનયવાળી ફિલ્મ 'ફોરેસ્ટ ગમ' પરથી પ્રેરણા લઈને આમીરખાને પોતાના પ્રોડકશનમાં આ ફિલ્મ બનાવી છે. સ્વાભાવિક છે કે, પોતાના પ્રોડકશનની ફિલ્મમાં આમીર ખાન પોતે મુખ્ય અભિનેતા હોય ! પણ ફિલ્મની સૌથી નબળી કડી આમીરખાન પોતે છે.

લાલસિંહ (આમીર ખાન) ટ્રેનના જનરલ ડબ્બામાં બેઠો છે અને આજુબાજુના પેસેન્જરોને દાદાજી વાર્તા કહેતા હોય એમ પોતાના જીવનની વાર્તા કહેવાનું શરૂ કરે છે. ફિલ્મ એ રીતે ફલૅશબૅકમાં ચાલે છે. પોતાના જીવનમાં મળેલી સફળતા - નિષ્ફળતાને એ પોતાની રીતે કહેતો જાય છે. ફિલ્મની શરુઆત અને ગીત 'થ્રી ઈડિયટ્સ'ની યાદ અપાવે છે. ફિલ્મના સંવાદ, ગીત અને સંગીત એના જમા પક્ષે છે. ગીત અભિજિત ભટ્ટાચાર્ય અને સંગીત પ્રીતમનું છે. 'મઝહબ સે મલેરિયા ફૈલ જાતા હૈ' જેવા સંવાદો ધ્યાન ખેંચે છે. પણ સૌથી નબળું દિગ્દર્શન અને એડિટિંગ છે. લાલસિંહના પાત્રમાં એ બિલકુલ જામતો નથી. લાંબી દાઢી રાખવાથી પંજાબી નથી બની જવાતું એ પણ સમજવું પડે. પંજાબી ભાષાનો લહેકો પડકતા પણ આવવું જોઈએ. એમાં આમીર ખાન સદંતર નિષ્ફળ સાબિત થયો છે.







લાલસિંહ પોતાના જીવનની કથા કહેતો જાય છે તેમ તેમ તત્કાલીન ઘટનાઓ પણ ગૂંથાતી જાય છે. અમૃતસર સુવર્ણ મંદિર પર હુમલો, બાબરી ધ્વંસની ઘટના, ઈંદિરા ગાંધીની હત્યા અને રમખાણો, ૧૯૮૩નો વિશ્વકપ વિજય, રાજીવ ગાંધીની હત્યા, અનામત આંદોલનથી લઈ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યાં સુધીની મહત્ત્વની ઘટનાઓ કથા સાથે ગૂંથાતી આવે છે. એને કારણે ફિલ્મની લંબાઈ પણ વધે છે અને એ નિરસ પણ સાબિત થાય છે.

લાલસિંહ સૈન્યમાં ભરતી થયો છે, એની બહાદુરી માટે એને વીરચક્ર પણ મળે છે. કારગીલની લડાઈ વખતે એ એક પાકિસ્તાની સૈનિકને ઉઠાવી લાવે છે અને એને એ ખબર પણ નથી કે એ કોને ઉઠાવી લાવ્યો છે. મૂળ ફિલ્મના પાત્રમાં જે નિર્દોષતા અને ભોળપણ હતું એ અહીં મૂર્ખતામાં પરિણમે છે. ગોળી વાગી છે કે મધમાખી કરડી છે એ પણ લાલસિંહ ન સમજતો હોય તો સૈન્યમાં એની ભરતી થઈ કેવી રીતે ? આમ, તાર્કીક રીતે પણ ફિલ્મ સામે ઘણા પ્રશ્નો ઊભા થાય એમ છે. કરીના કપૂરના ભાગે પણ ખાસ કશું કરવાનું આવ્યું નથી.લાલસિંહના પ્રેમનો એ આખરે સ્વીકાર કરે છે. પણ ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે. અભિનયની રીતે લાલસિંહની માતાની ભૂમિકા ભજવનાર મોના સિંહ અને મહોમ્મદ મિયાંની ભૂમિકા ભજવનાર માનવ વિજ યાદ રહી જાય છે. ફિલ્મમાં સૈન્યની અંદર લાલસિંહનો મિત્ર બાલા (નાગા ચૈતન્ય) ની સાથે ચડ્ડી - બનિયાન બનાવવાની વાત પણ ખેંચાઈ છે અને ફિલ્મના કંટાળામાં વધારો કરે છે.

'ફોરેસ્ટ ગમ્પ'નું આ ભારતીયકરણ કોઈ રીતે આવકારદાયક નથી. 'લાલસિંહ ચઢ્ઢા' આમીરકાનની ફિલ્મ ભલે હોય પણ આમીરખાન જ ફિલ્મનું સૌથી નબળું પાસું છે.

# ભરી છે નજાકત કૃષ્ણ તારા પ્રેમમાં કેવી છલોછલ
# નામ લેવાય તારું હોઠો પર ને મોરપીંછ જેવી સુંવાળી મળે એમ પણ બને"

માનું છું શ્રી કૃષ્ણ તેં જ આ જીંદગી બનાવી હશે"
મોરપીછ ને મુગટમાં સજાવી પિછાની શોભા વધારી હશે".
હદયને સ્પર્શતો મધુર અહેસાસ એટલે પ્રણય,
સદીઓથી અવિરત ચાલ્યો આવતો,

મનમાં શરમથી લઈ અદભુત પ્રણયના થનગનાટની અનુભુતી કરાવતો શબ્દ એટલે પ્રેમ.......

શ્રી કૃષ્ણ વિશે લખવા રાધા, રુક્મણી, નરસૈયો, મીરાં, સુદામાને ગોપી બનવું પડે..

પ્રેમ એટલે અહેસાસ કૃષ્ણને પામ્યાનો, કંઈક જીવ્યાનો આખે આખો એક અવસર...

આજે આપણે પ્રેમના સ્વાદને, એ સંવેદનાને તીવ્ર ઈચ્છા વૃત્તિ હોવા છતાં વ્યકત કરવામાં સહજ પણે કામની વ્યસ્તતામાં પ્રેમને ભોગવી કે ઉલ્લેખી શકતાં નથી, સમય ફાળવી શકતાં નથી.


અને એ પણ સાચું કે આજની પેઢી મુક્ત પણે પ્રેમનો સ્વીકાર કરતી અને અસ્વીકાર કરતી થઈ ગઈ છે.

અત્યારના કપલ કારકિર્દીમાં રચ્યાં પચ્યાં રહે છે. પરંતુ પ્રેમમાં પણ એટલા જ અલ્લડ રહ્યાં છે કેટલાયે.

ટીવી સિરિયલ માં આવતાં રોમેન્ટિક સીન અને રોમેન્ટિક લોકેશનમાં એ પણ ક્યાંક ને ક્યાંક આવું રોમાંચ શોધતા હોય છે.

કારણ પ્રેમ વગર જિંદગી જિંદગી જ નથી.
આ શ્રી કૃષ્ણ પાસેથી શીખવું રહ્યું.
પરંતુ આપણે પ્રેમ શું એ સમજી નથી શકતા.
પ્રેમ બાબતે આપણે હમેશા કઠોર રહ્યા છીએ.

મારાં મતે પ્રેમ.... કોમળતાની બાબતમાં રાધા-કૃષ્ણ બંનેનાં હૃદય સરખાં હોય છે.



એમના જેવો પ્રેમ એટલે એકબીજામાં ફરિયાદ વગર, સતત જીવતા એક બીજા માટે એક હદય બની.

જ્યાં ઈર્ષ્યા, વેદના, ફરિયાદ ને સ્થાન ના હોય, હોય તો માત્ર પ્રેમ.અને કોઈ સહાનુભૂતિ નહીં કે કોઈ કમ્પૅર પણ નહીં.

કૃષ્ણ એટલે
"મારામાં તું સતત જીવે છે,
દિલના ઊંડાણમાં તું જ
એક માત્ર પ્રેમની સંવેદના સમો
મારાં માં જિંદગી બની ઉગી નીકળે છે,
હું શ્વાસ લઉં ને તું જ
મારાં માં શ્વસ્યા કરે છે.
તું સુર રેડે અને વાંસળીમાં
રાધા રાધા જ લય નીકળ્યા કરે
જ્યાં હોય પ્રેમ ત્યાં પથ્થરમાં પણ
કૂંપળ ફૂટ્યા કરે.
કૃષ્ણ એટલે લીલા .



એમ પણ બને
પારૂલ અમિત

કૃષ્ણ એટલે અદભુત જીવન મરણ અને પ્રેમ, યુદ્ધ અને કર્મના વિવિધ અધ્યાય.

આપણે શ્રી કૃષ્ણની જેમ દરેક પરિસ્થિતિમાં હળવાશ લાવી શકીશું ત્યારે ખરા અર્થમાં પામી શકીશું શ્રી કૃષ્ણને. ,એમણે જે જે છોડ્યું છે, જે જે છુટ્ટતું ગયુ છે એની સામે પાછા વળીને નથી જોયું.

આવનાર દરેક પરિસ્થિતિને માણી છે, જીવી છે, તો ચાલો ને આવું કરી જોઈએ અને ખરા અર્થમાં પામી લઈએ શ્રી કૃષ્ણને.

શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં કહે છે

"અજ્ઞાની તથા શ્રદ્ધા વિનાનો સંશયયુક્ત રહી નાશ પામે છે. સંશયયુક્ત રહેલાને આ લોક નથી, પરલોક નથી અને સુખ નથી".

માણસ જન્મયો એ દિવસથી કોઈ સંકલ્પ સાથે નથી જન્મ લેતો. પણ એક શ્રદ્ધા જરૂર હોય છે ઈશ્વરીય શકિત પર.

શ્રી કૃષ્ણના ગીતાના સંદેશ દ્વારા. કર્મ સિદ્ધાંત યાદ આવ્યો જે શ્રીકૃષ્ણએ ગીતામાં વર્ણવ્યો છે શ્રી કૃષ્ણ કહે છે કે તું કર્મ કર ફળની ઈચ્છા ના રાખ.

માણસ કાંઈ પણ કર્મ કરવા સ્વતંત્ર છે પણ તેના ફળ બાબતે તે કુદરત અને કર્મના સિદ્ધાંત પર આધારિત છે, તે જે ન્યાય કરે તે ભોગવવો જ પડે.

જરૂરી નથી કે માણસ દ્વારા કરાતા દરેક નાના- મોટા કર્મનું તરત જ ફળ મળે. માત્ર ગીતામાં જ નહીં પણ અનેક ધર્મોમાં કર્મ અને તેના ફળની વાત વણી લેવાઈ છે. પરિણામે કર્મ અને તેના ફળ વિશે એક સર્વસામાન્ય સિદ્ધાંત બધે આવરી લેવામાં આવ્યો છે.

આજનો માણસ જે રીતે મંગળ અને બીજા ગ્રહ પર જીવન શોધી રહ્યો હતો, તે આજે પૃથ્વી પર ટકવા ઘરમાં ભરાઈ પડ્યો હતો કોરોનાના કારણે.

કેવું અજીબ છે એક સ્પર્શ જે બધા દર્દનો ઈલાજ હતો, એ જ સ્પર્શ જીવ લેણ સાબિત થયો હતો.

પોતાને સર્વોત્તમ માની બેસેલો માણસ બોધપાઠ લઈ ચુક્યો હશે કે પૈસા, લોભ, મોહ, માયા, હિંસા, વેર-ઝેરને જીવનમાંથી તિલાંજલિ આપવાની ઘડી આવી ચુકી છે

# "ઊગતા જીવનનો લસરકો ઉમંગ ભરે ને આથમતા જીવનનો લસરકો ખાલીપો"

ફેસબુક પરના એક ગૃપમાં અનોખી સ્પર્ધા યોજાઈ. સ્પર્ધાનું નામ હતું ''ભૂતકાળ પરિવર્તન'' સ્પર્ધા. થીમ મુજબ વ્યક્તિએ પોતાના ભૂતકાળની એવી કોઈ ઘટના વિશે લખવાનું હતું જેને તમે બદલવા ઈચ્છતા હો. ઘણી એન્ટ્રીઓ આવી, નિયત કરેલા જજીસે ફેસલા આપ્યા, ઈનામો અને અભિનંદનો બાંટવામાં આવ્યા. ત્યાર બાદ એ ગ્રૂપના જ એક યુવકે ડરતાં ડરતાં એક પોસ્ટ મૂકી અને લખેલું કે સ્પર્ધા દરમિયાન લખ્યું તો હતું, પરંતુ સ્પર્ધામાં એન્ટ્રી મુકતા હિંમત ન ચાલી. આ પોસ્ટ વાંચીને મને એક વાતનો બહુ ગહન અનુભવ થયો કે જૂની પેઢી ભલે નવી પેઢીને ગાળો આપે, પરંતુ આજની પેઢી પણ એટલી જ સંવેદનશીલ અને સમજુ છે જેટલી જૂની પેઢી પોતાને માને છે. આ પેઢીમાં પણ માનવ મૂલ્યો એટલા જ દૃઢ છે, જેટલા જૂની પેઢી ઈચ્છે છે. આ યુવા મિત્રની વાતમાં જીવનની ભારોભાર પીડા અને વ્યથા હતી અને એ પણ એટલી ગહન કે કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિની ઊંઘ હરામ થઈ જાય, જેમ મારી ઊઘ હરામ થઈ હતી તેમ ! ચાલો એ યુવા મિત્રને પોતાના ભૂતકાળની કઈ ઘટનાને બદલવી હતી તે એના જ શબ્દોમાં અનુભવીએ ...

"અચાનક આંખો સામે એ દૃશ્ય તરવા લાગે છે. ૨૦૧૨ની મોડી રાત્રે બે વાગ્યાની આસપાસ કાકાના ફોનની રિંગ વાગે છે, એ ફોનમાં મોટા અવાજે 'શું?, ક્યારે? કઈ રીતે ? હા... અમે અત્યારે નીકળીએ છીએ' એવું બોલે છે. મેં આ તૂટક તૂટક અવાજ ઊંઘમાં સાંભળ્યો, મને કશું ખોટું બન્યાનો અંદેશો તો આવી ગયો છે. હું ઉઠું છું. કાકા મને કહે છે કે તુરંત જ મોઢું ધોઈ નાખ, આપણે અત્યારે વતનમાં જવાનું છે. હું સ્તબ્ધ છું. મને કોઈ અંદાજો આવી ગયો છે. હું કાકાની સલાહને અનુસરીને નીકળવા માટે તૈયાર થાઉં છું. આ સમયે મને કોઈ વિચાર નથી આવતાં. પાડોશીની કાર લઈને અમે વતન જવા નીકળીએ છીએ. કાકા મને મજબૂત બનવાની સલાહો આપે છે, તેઓ હંમેશાં મારી સાથે જ છે એવું કહે છે. આ બધી વાતો એ મને કેમ કહે છે, એટલું સમજી શકવા હું ૨૩ વર્ષની ઉંમરે સક્ષમ છું, પરંતુ હું રડી નથી રહ્યો, મારા ચહેરા પર કોઈ ભાવ નથી. કાકા અને મારા કુટુંબીજનો માને છે કે હું સૌથી વધુ લાગણીશીલ અને કોમળ હૃદયવાળો છું. આખા રસ્તે કાકા મારો હાથ પકડી રાખે છે. બે કલાકમાં અમે પહોંચીએ છીએ. મારા મોબાઈલની ઘડિયાળ ૫.૩૦નો સમય બતાવે છે. ઘરમાં સગા સબંધીઓની ભીડ છે, સૌની આંખો મારી તરફ મંડાય છે. મોટો ભાઈ દોડીને મને વળગીને રડી પડે છે પરંતુ હું રડતો નથી. મમ્મીની આસપાસ સ્ત્રીઓ બેઠી છે. એમણે માથે ઓઢી રાખ્યું છે. હું મમ્મી પાસેને તેને ભેટી પડું છું અને તેના ખોળામાં માથું નાખી દઉં છું. મમ્મી પોક મૂકીને રડે છે, પણ હું રડતો નથી.



જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

મારા કાકા અને ફઈબા કોઈ વાત કરે છે અને ફઈબા મારી પાસે આવે છે. મને મમ્મી પાસેથી લઈને પપ્પા પાસે લઈ જાય છે. પપ્પાને રૂમની વચ્ચે સુવડાવ્યા છે, એમના નાકમાં રૂનાં પૂમડાં ભરાવ્યા છે. હું એમને જોઉં છું અને પાસે બેસી જાઉં છું પણ હું રડતો નથી. ફઈબા મને રડાવવા માટે કહે છે "તારા પપ્પા ક્યારેય હવે પાછા નહીં આવે, તમે એકલા પડી ગયા, હવે તને નાનકો કોણ કહેશે?". હું રડતો નથી. તને રડવું આવતું હોય તો ખૂલીને રડ એમ ફઈબા રડતા રડતા બોલે છે. હું કોઈ પ્રતિભાવ નથી આપતો. બધી વિધિઓ ક્રમવાર ચાલું થાય છે, હું અહીંયા પણ માત્ર સૂચનો અનુસરુ છું, ચહેરા પર કોઈ ભાવ નથી. સ્મશાનથી અમે ઘરે આવીએ છીએ. હું બિલકુલ સામાન્ય બની જાઉં છું. હું એ જ ઘડીથી મમ્મીની તાકાત બની જાઉં છું. મોટાભાઈને હિંમત આપું છું. એ સમય અને આજનો સમય હું એમની સામે ક્યારેય રડ્યો નથી. હા, એ જ દિવસે બાથરૂમમાં જઈને કોઈને ખબર ન પડે એમ મન ભરીને રડ્યો છું. અત્યાર સુધીમાં પપ્પાને યાદ કરીને અગણિત વખત એકાંતમા રડ્યો છું. જે પરિસ્થિતિથી હું કમજોર બની જવો જોઈતો હતો, એ જ પરિસ્થિતિના કારણે હું વધુ મજબૂત બન્યો છું.

-djtrivedi@gmail.com